ગાંધીનગર સમાચાર

આસામમાં પુરની સ્થિતીમાં આંશિક સુધારો

ગુવાહાટી,તા. ૧૫

આસામમાં પુરની સ્થિતીમાં આખરે આંશિક સુધારો થયો છે. જો કે લાખો લોકો હજુ પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવે રોગચાળાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સ્થિતી હાલમાં હળવી બને તેવી શક્યતા ઓછી છે. જો કે તંત્ર સાવધાન છે. પુરના કારણે હાલમાં ૧૬ જિલ્લાના લોકો પુરના સકંજામાં આવી ગયા છે. હવે ૧૬ જિલ્લાના ૭૦૨ ગામોમાં લોકોની હાલત ખુબ કફોડી બનેલી છે. અસરગ્રસ્ત લોકોની સંખ્યા હવે રોકેટગતિથી વધીને ૩.૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે. ગઈકાલ સુધી રાજ્યમાં ૧૫ જિલ્લામાં ૫૫૩ ગામોના ૩.૧૧ લાખ લોકો સકંજામાં હતા. પરંતુ હવે સંખ્યા ખુબ વધી ગઈ છે. જો કે મોતનો આંકડો બેજ રહ્યો છે. સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા એલર્ટની જાહેરાત કરાઈ છે. કારણકે, ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ઘણા સ્થળ ઉપર ચેતવણીના સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ગુવાહાટીમાં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી પર નજર રાખવામાં આવી રહી છે. અહીં ભયજનકસ્તરનો આંકડો ૪૯.૬૮નો છે. વર્ષ ૨૦૦૪માં બ્રહ્મપુત્રમાં પાણીની સપાટી ૫૧.૪૬ સુધી પહોંચી હતી. પ્રદેશમાં શનિવારે મોનસુનની એન્ટ્રી થઈ ગઈ હતી. રાજ્યમાં ૧૬ જિલ્લાઓમાં લોકો ભારે પ્રભાવિત થયા છે. આસામમાં પુરની સ્થિતી હળવી બની હતી. અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૩.૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મોતનો આંકડો હવે વધીને બે થઈ ગયો છે. જે પૈકી બોંગાઈગામમાં એક અને લખીમપુરમાં એકનુ મોત થયું છે.તમામ અસરગ્રસ્ત જિલ્લામાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારમાં રહેતા લોકોને કેમ્પમાં ખસેડી દેવામાં આવ્યા છે. જ્યાં જરૂરી સહાયતા કરાઈ છે. જનજીવનને સામાન્ય બનાવવામાં સમય લાગી શકે છે.

જીતેન્દ્રસિંહ તોમરની ઓફિસ પર વ્યાપક દરોડા

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હી પોલીસે બનાવટી ડિગ્રી કેસના સંબંધમાં દિલ્હીના ભૂતપૂર્વ કાયદાપ્રધાન જીતેન્દ્રસિંહ તોમરની ઓફિસ પર વ્યાપક દરોડા પાડ્યા હતા. પોલીસે દરોડાની કાર્યવાહી દરમિયાનઅનેક દસ્તાવેજોમાં ચકાસણી કરી હતી. પોલીસે રાજધાની કોલેજ અને શિવાજી કોલેજમાં પણ દરોડા પાડ્યા હતા. આ જગ્યાએ તેઓકોઇ સમય વિદ્યાર્થી તરીકે નોંધાયેલા હતા. પોલીસ અધિકારીઓની ટીમ રોહિણીમાં કોચિંગ સેન્ટર ખાતે પણતોમરને લઇ ગઇ હતી. કોઇ બનાવટી ડિગ્રી કોંભાંડ સાથે સંબંધિત નેટવર્ક ચાલી રહ્યું છે કે કેમ તેને લઇને તપાસ કરવામાં આવી રહી છે. તોમરની તકલીફ સતત વધી રહી છે. પોલીસ હાલમાં તોમને સકંજામાં રાખવા ઇચ્છે છે. અત્રે નોંધનીય છે કે ૪૯ વર્ષીય તોમરે નવમી જુનના દિવસે તેમની ધરપક કરવામાંઆવ્યા બાદ કાયદા પ્રધાન તરીકે રાજીનામુ આપ્યું હતુ. બિહાર કોલેજમાંથી બનાવટી કાયદાની ડિગ્રી તોમર દ્વારા મેળવી લેવામાં આવી છે તેવા બાર કાઉન્સિલ ઓફ દિલ્હી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના કારણે તોમર ફસાયા હતા. હોજ ખાસ પોલીસ સ્ટેશન ખાતે આઠમી જુનના દિવસે તોમર સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. તેમની સામે છેતરપિંડી, ફર્જરી અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તોમરના કારણે દિલ્હીમાં એએપીની અરવિન્દ કેજરીવાલ સરકાર પર પણ ગંભીર આક્ષેપો કરવામાં આવી ચુક્યા છે.

એઆઈપીએમટીને રદ કરવા સુપ્રિમનો આદેશ : ૪ સપ્તાહમાં પુનઃ પરીક્ષા

નવી દિલ્હી,તા. ૧૫

સુપ્રિમ કોર્ટે આજે એક મોટો ફેંસલો આપતા એઆઈપીએમટી-૨૦૧૫ને રદ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે સાથે ચાર સપ્તાહમાં દેશભરમાં ફરી પરીક્ષા લેવાનો આદેશ કર્યો હતો. જુદા જુદા સેન્ટરો પર મોટા પાયે ગેરરિતી પરીક્ષા દરમિયાન સપાટી પર આવી હતી. આજના આદેશનો મતલબ એ થયો કે આશરે ૬.૩ લાખ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવી પડશે. દેશભરમાં મેડિકલ કોલેજોમાં એમબીબીએસ કોર્સમાં પ્રવેશ માટે સીબીએસઈ દ્વારા આ પરીક્ષા લેવામાં આવે છે. આરકે અગ્રવાલ અને અમિતવા રોયની બનેલી બેંચે ચાર સપ્તાહની અંદર નવેસરથી ટેસ્ટ લેવા સીબીએસઈને આદેશ કર્યો હતો. એઆઈપીએમટીને રદ કરવાના સુપ્રીમ કોર્ટના આદેશથી લાખો વિદ્યાર્થીઓને નવેસરથી ટેસ્ટ માટે જોડાઈ જવાની ફરજ પડશે. કોર્ટે દેશભરમાં પરીક્ષા લેવાઈ ત્યારે ગેરરીતીઓ સપાટી પર આવી હોવાની બાબતની ગંભીર નોંધ લીધી હતી. પરીક્ષાવર્ગની અંદર ઘણા વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પણ લઈ ગયા હતા. બહારથી આ ડિવાઈસ ઉપર તેમને તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા. કોર્ટે કહ્યું હતું કે, પરીક્ષાને રદ કરવા માટે ચોક્કસ કારણો રહેલા છે. પરીક્ષાની પ્રક્રિયાને પ્રદૂષિત કરનાર વિદ્યાર્થીઓને પણ બોધપાઠ માટે આ પરીક્ષા રદ કરવામાં આવી છે. ગેરરીતી આચરનાર વિદ્યાર્થીઓને શોધી કાઢવામાં પોલીસ નિષ્ફળ થતાં ફેર પરીક્ષાનો આદેશ કરવામાં આવ્યો છે. પરીક્ષાની તૈયારીમાં રાત્રે જાગીને તૈયારી કરનાર પ્રામાણિક વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે હેતુસર પણ ઘણી બાબતોને ધ્યાનમાં લેવાઈ છે. ગેરરીતીના કારણે પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓને અન્યાય થાય છે. જ્યારે નબળા વિદ્યાર્થીઓ લાભ ઉઠાઈ જાય છે. એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) ઓલ ઈન્ડિયા પ્રિ મેડિકલ ટેસ્ટ ૨૦૧૫ના પરિણામની જાહેરાત ઉપર સ્ટેને ૧૨મી જુનના દિવસે લંબાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટે મોટાપાયે ગેરરીતિ સર્જાયા બાદ ઓલઈન્ડિયા પ્રિ મેડિકલ ટેસ્ટને રદ કરવાની માંગ કરતી અરજીઓ ઉપર તેનો ચુકાદો ૧૨મી જુનના દિવસે અનામત રાખ્યો હતો. જસ્ટિસ આરકે અગ્રવાલ અને અમિત્વા રોયની બનેલી સુપ્રીમ કોર્ટની વેકેશન બેંચે ચુકાદો અનામત રાખ્યો હતો. બેંચે ઠેરવ્યું હતું કે, જો કોઈ એક વિદ્યાર્થીને પણ ગેરકાયદેરીતે ફાયદો થઈ રહ્યો છે તો તે પરીક્ષાને યોગ્ય ગણી શકાય નહીં. છેલ્લા બે ત્રણ વર્ષથી આ પ્રકારના બનાવ બની રહ્યા છે. સોલીસીટર જનરલ રણજીતકુમાર જે સીબીએસઈ તરફથી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ટેસ્ટને રદ કરવાની માંગ કરતી દલીલો સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે ૬.૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ નવેસરથી પરીક્ષા આપે તે બાબત યોગ્ય નથી.જો કે આજે તેની તેમની દલીલો તરફ ધ્યાન અપાયુ ન હતુ. ગેરવાજબીરીતે લાભ લેવામાં ૪૪ વિદ્યાર્થીઓ સંડોવાયેલા દેખાયા હતા. ૪૪ના માટે ૬.૩ લાખ વિદ્યાર્થીઓ નવેસરતી પરીક્ષા આપેતે બાબત યોગ્ય નથી તેવી રજૂઆત કરવામાં આવી હતી. અગાઉ વેકેશન બેંચે નવેસરથી રિપોર્ટ રજૂ કરવા હરિયાણા પોલીસને કહ્યું હતું. પ્રિ મેડિકલ પરીક્ષામાં ગેરરીતિના લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અંગે માહિતી આપવા પણ કહેવામાં આવ્યું હતું. છ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગેરરીતિનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો છે.

બિહારમાં એનઆરઆઈ મતદાન કરે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૫

બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ હવે કોઈ પણ સમય જાહેર કરવામાં આવી શકે છે. આવી સ્થિતીમાં બિહારમાં આ વખતે એનઆરઆઈ લોકોને મતદાન કરવાની તક આપવાની હિલચાલ ચાલી રહી છે. બિહારમાં ચૂંટણી પહેલા લોકપ્રતિનિધીત્વ ધારા ૧૯૫૧માં સુધારો કરવાની તૈયારી ચાલી રહી છે. જો સમયસર સુધારો કરી લેવામાં આવશે તો એનઆરઆઈ વિદેશમાં બેઠા બેઠા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ દિશામાં ઝડપી પગલા લેવામાં આવી રહ્યા છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મતદાન મથક પર પોતે હાજર રહ્યા વગર તેમના મતાધિકારનો ઉપયોગ એનઆરઆઈ લોકો કરી શકે તેમાટે વ્યવસ્થાને આખરી ઓપ આપવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બિહાર ચૂંટણી પહેલા આ બાબત શક્ય બની જાય તેવી સંભાવના દેખાઈ રહી છે. મુખ્ય ચૂંટણી કમીશનર નસીમ ઝૈદીએ માહિતી આપતા કહ્યું છે કે ચૂંટણી પ્રક્રિયાને સુધારી દેવાની હિલચાલ ચાલી રહી છે. વન વે ઈલેક્ટ્રોનિંક પોસ્ટલ બેલોટ સિસ્ટમ અમલીકરણ માટે તૈયાર કરવામાંઆવી ચુકી છે. આ સિસ્ટમ હેઠળ એનઆરઆઈ વોટરોને પાસવર્ડ મેઈલ કરવામાં આવશે. ત્યારબાદ મતદારો તેમની પસંદગીના ઉમેદવાર પર નિશાન લગાવી શકશે. ત્યારબાદ આ પેપર રિટર્નિંગ ઓફિસરને મેઈલ દ્વારા મોકલી દેવામાં આવશે. પ્રક્રિયા તૈયાર છે. ઝૈદીના નેતૃત્વમાં પોલ પેનલ આ વ્યવસ્થાને વધુ સરળ કરવાની પ્રક્રિયામાં છે. આગામી દિવસોમાં ક્રાન્તિકારી નિર્ણય કરવામાંઆવે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાથી જ એનઆરઆઈ વોટિંગને લઈને વાત કરી ચુક્યા છે. સુધારા વહેલી તકે કરવામાંઆવે તેવી શક્યતા છે.

નેપાળ ભૂકંપ બાદ ૧૦ લાખ લોકો ગરીબી રેખા નીચે ગયા

કાઠમાન્ડુ,તા. ૧૫

નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ ૧૦ લાખથી વધારે લોકો ગરીબી રેખા નીચે પહોંચી ગયા છે. નેપાળ સરકારે તેના અહેવાલમાં દાવો કર્યો છે કે ૨૫મી એપ્રિલના વિનાશકારી ભૂકંપ અને ત્યારબાદ ફરી વિનાશકારી ધરતીકંપના કારણે હજારો લોકોના મોત થઈ ગયા હતા. મોતનો આંકડો સત્તાવારરીતે ૯૦૦૦થી ઉપર દર્શાવવામાં આવ્યો હતો. જ્યારે ધરતીકંપના કારણે લાખો લોકો બેઘર થઈ ગયા હતા. પોસ્ટ ડિઝાસ્ટર નીડસ્ એસેસમેન્ટના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નેપાળમાં હવે ગરીબીનુ પ્રાણ ૨.૫ ટકાથી ૩.૫ ટકા સુધી વધી જશે. હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નેપાળમાં ગરીબીની ટકાવારી હાલમાં ૨૩.૮ ટકા છે. નેપાળમાં ૨૫મી એપ્રિલના દિવસે ૭.૯ની તીવ્રતા સાથે પ્રચંડ અને વિનાશકારી ધરતીકંપ આવ્યો હતો. જેમાં જેના કારણે ૭૫ નેપાળી જિલ્લા પૈકીના ૩૬ હચમચી ઉઠ્યા હતા. અસરગ્રસ્ત જિલ્લા પૈકી ૧૪માં સૌથી ખરાબ અસર થઈ હતી.

નેપાળમાં ધરતીકંપથી ૮૮૦૦ લોકોના મોત થયા છે. હજારો લોકો ઘાયલ થયા છે. નેપાળમાં ધરતીકંપના કારણે ૧૦ લાખ લોકો વિસ્થાપિત થયા હતા. નેપાળમાં વિનાશકારી ભૂકંપ અને ત્યારબાદ આફ્ટરશોક્સના લીધે સંપત્તિને કુલ નુકસાનનો આંકડોપ. ૧૩ અબજ ડોલરની આસપાસ ગણાવવામાં આવ્યું છે. નેપાળને તેની સ્થિતીને ફરી સુધારવા માટે કુલ ૬.૬૬ અબજ ડોલરની રકમની જરૂર છે. દેશના જીડીપીના એક તૃતિયાશ જેટલી રકમની જરૂર નેપાળને છે.

લલિત મોદી પ્રકરણ : નરેન્દ્ર મોદીની સામે પ્રશ્નોનો મારો

નવી દિલ્હી,તા. ૧૫

આઈપીએલના ભૂતપૂર્વ વડા લલિત મોદીને મદદ કરવાને લઈને વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ પર આકરા પ્રહારોનો મારો આજે સતત બીજા દિવસે પણ જારી રહ્યો હતો. વિરોધ પક્ષોએ જોરદાર હોબાળો બીજા દિવસે મચાવ્યો હતો. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૌન કેમ છે તેવો પ્રશ્ન વિરોધ પક્ષ દ્વારા આજે કરવામાં આવ્યો હતો. આ ગૂંચ હજુ યથાવત રહે તેવી શક્યતા છે. સીપીઆઈ(એમ)ના જનરલ સેક્રેટરી સીતારામ યાચુરીએ કહ્યું હતું કે વિદેશ પ્રધાન સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વડાપ્રધાન હાલમાં જવાબદારીની વાત કરી રહ્યા છે. ભ્રષ્ટાચારના કોઈ કેસ થયા નથી તેવી વાત પણ કરવામાં આવી રહી છે. આવા દાવા કરનાર વડાપ્રધાન મોદી હવે મૌન કેમ છે.તેમણે પ્રશ્ન કરતા કહ્યું હતું કે મોદીએહવે આ મામલે ખુલાસો કરવો જોઈએ. કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે આ મામલે મોદી હવે મોન બની ગયા છે. સિંહે પ્રશ્ન કરતા કહ્યું હતું કે લલિત મોદીને મદદ કરવા પાછળના હેતુ અંગે મોદીએ વાત કરવી જોઈએ. મોદી હવે મૌગન કેમ બની ગયા છે.શુ મોદી માત્ર યોગની જ વાત કરશે. માત્ર તેઓ ઈવેન્ટ મેનેજમેન્ટની જ વાત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે સુષ્મા સ્વરાજે ગઈકાલે કબુલાત કરી હતી કે તેઓએ લલિત મોદીની મદદ કરવા માટેની કબુલાત કરી હતી. માનવતાના આધાર પર પોર્ટુગલ જવા પ્રવાસ દસ્તાવેજો મેળવી લેવામા સુષ્માએ લલિત મોદીની મદદ કરી હતી. ગઈકાલથી આને લઈને ભારે હોબાળો મચેલો છે. સુષ્માની સરકારમાંથી હકાલપટ્ટી કરવાની માંગ સતત ઉઠી રહી છે. આ મામલે મોદી સરકાર પર હવે દબાણ વધારી દેવામાં આવ્યું છે. સુષ્માએ ગઈકાલે પોતાનો બચાવ કરીને સાફ શબ્દોમાં કહ્યું હતું કે માનવતાના આધાર પર મદદ કરવાની વાત કરવામાં આવી હતી. બ્રિટનને માત્ર વિનંતિ કરવામાં આવી હતી.

મે માસમાં ફુગાવો (-) ૨.૩૬ ટકા થયો : ચીજવસ્તુઓ સસ્તી

નવી દિલ્હી,તા. ૧૫

ફ્યુઅલ, ફુડ આઈટમો અને મેન્યુફેક્ચર ચીજવસ્તુઓની કિંમતોમાં ઘટાડો થતાં સતત સાતમા મહિનામાં ફુગાવો નેગેટિવ ઝોનમાં અથવા તો નકારાત્મક ઝોનમાં રહ્યો છે. મે મહિનામાં ફુગાવો નેગેટિવ ઝોનમાં માઈનસ ૨.૩૬ ટકા રહ્યો છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો એપ્રિલ મહિનામાં માઈનસ ૨.૬૫ ટકા હતો. નવેમ્બર ૨૦૧૪ બાદથી ફુગાવો નકારાત્મક ઝોનમાં રહ્યો છે. ગયા વર્ષે મે મહિનામાં ફુગાવો ૬.૧૮ ટકા હતો. આ વર્ષે ઓછા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઓછા ફુગાવાને લઈને ચિંતાની સ્થિતિ જોવા મળી રહી છે. આજે જારી કરવામાં આવેલા સરકારી આંકડામાં જણાવાયું છે કે, શાકભાજીનો ફુગાવો માઈનસ ૫.૫ ટકા રહ્યો છે. જ્યારે બટાકામાં ૫૨ ટકાનો ઘટાડો જોવા મળી ચુક્યો છે. ઈંડા, માંસ અને ફિશ જેવી પ્રોટીન આધારીત ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. અગાઉના મહિનાની સરખામણીમાં આ ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે.

એકંદરે ખાદ્યાન ફુગાવો ૩.૮ ટકા રહ્યો છે. જે અગાઉના થોડાક મહિના કરતા ઓછો નોંધાયો છે. મેન્યુફેક્ચર્ડ વસ્તુઓ જેમ કે, ખાદ્ય ચીજવસ્તુઓ, ખાંડ, ખાદ્ય તેલ, બેવેરેજની કિંમતમાં ઘટાડો થયો છે. મેન્યુફેક્ચર્ડ વસ્તુઓનો ફુગાવો ૦.૬૪ ટકા સુધી ઘટ્યો છે જે થોડાક મહિનામાં સૌથી ઓછો ફુગાવો છે. ફ્યુઅલ અને પાવર બાસ્કેટમાં ફુગાવો વાર્ષિક આધાર પર માઈનસ ૧૦.૫૧ ટકા રહ્યો છે. મે મહિનામાં રિટેલ ફુગાવો ૫.૦૧ ટકા હતો, જે અગાઉના મહિનાથી થોડાક વધ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વર્ષ ૨૦૧૫માં વ્યાજ દર અથવા તો રેપોરેટમાં ૦.૭૫ ટકાનો વધારો કર્યો છે.

ભારતમાં ડાયાબિટીસ રેટમાં ૧૨૩ ટકા સુધી વધારો

નવી દિલ્હી,તા. ૧૫

છેલ્લા બે દશકથી ભારતમાં ડાયાબીટીસે વધારે મજબુત સકંજો જમાવ્યો છે. વર્ષ ૧૯૯૦ બાદથી ભારતમાં ડાયાબિટીસનો દર ૧૨૩ ટકા સુધી વધી ગયો છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ દર ૪૫ ટકા સુધી વધી ગયો છે. વર્ષ ૧૯૯૦ અને ૨૦૧૩ વચ્ચેના ગાળામાં ભારતમાં ઉલ્લેખનીયરીતે આમાં વધારો થયો છે. નવેસરના આંકડા દર્શાવે છે કે જુદા જુદા વિકાર માટે ટોપ ટેન કારણોની વાત કરવામાંઆવે તો પુરૂષો અને મહિલાઓ બન્નેમાં હાલમાં સ્થુળતાનુ પ્રમાણ વધી રહ્યું છે. જેથી કિડની અને અન્ય લગતી બિમારી પણ વધી રહી છે. હેલ્થ મેટ્રિક્સ એન્ડ એવેલ્યુશન દ્વારા જારી કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ટાઈપ-બે ડાયાબીટીસના પ્રમાણમાં સૌથી વધારો જોવા મળ્યો છે. જે સામાન્ય રીતે સ્થુળતા સાથે સંબંધિત હોય છે. ડાયાબિટીસના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના એક તરીકે ડાયાબિટીસના ટાઈપ-૨ને ગણવામાં આવે છે.નિષ્ણાંતોનું કહેવું છે કે આ પ્રવાહ ભારતના આર્થિક વિકાસ સાથે પણ સંબંધિત છે. છેલ્લા બે દશકના ગાળામાં લાઈફ સ્ટાઈલમાં વ્યાપક ફેરફાર થયો છે. લોકોની ખાવા-પીવાની ટેવ, ઉંઘી જવાની ટેવ ખૂબ જ અસામાન્ય બનેલી છે.આના પરિણામ સ્વરૂપે સ્થુળતા મુખ્ય સમસ્યા બની ગઈ છે. ડાયાબિટીસ ભારતમાં વધતી જતી સમસ્યા તરીકે છે. મોટા સામાજિક આર્થિક કારણ તરીકે પણ છે. ઝડપી ડાયટના ફેરફારના કારણે પણ આ સમસ્યા સર્જાઈ છે. ભાગદોડની લાઈફને ડાયાબિટીસને રોકવા માટે કેટલાક પગલા ખૂબ જરૂરી હોય છે. પરંતુ આ પગલા લેવામાં સામાન્ય લોકો સમય કાઢી શકતા નથી. આ જ કારણ છે કે, ડાયાબિટીસની સમસ્યા ગંભીર બની રહી છે. તબીબોનું કહેવું છે કે, ડાયાબિટીસ પુરુષો અને મહિલા બન્નેમાં રોગના બોજને વધારનાર કારણ તરીકે છે. નાની વયમાં જ રોગને આમંત્રણ આપે છે. દાખલા તરીકે વધુ યુવા લોકો હવે હાર્ટના રોગ, લોહીને લગતી ખામીઓ, નર્વ ડેમેજ જેવી સમસ્યાથી ગ્રસ્ત હોય છે. અભ્યાસ દર્શાવે છે કે, ઘણા રોગથી લોકોના મોતના કિસ્સામાં વધારો થયો છે. કેંસર, ડાયાબિટીશ જેવા ક્રોનિક રોગમાં વધારો થયો છે. ભારતમાં ટોપ રેકિંગ રોગમાં આને ગણી શકાય છે. ડાયાબિટીસ ભારતમાં ટોપટેન રોગમાં સામેલ છે પરંતુ કોઈ સમયે આ રોગના જ દર્દીઓ એટલા વધારો નહતા.



૭ દિવસમાં ચોથી હત્યા થઈ

સોપોરેમાં પૂર્વ ત્રાસવાદી ઉપર હુમલો કરાતા મોત

શ્રીનગર,તા. ૧૫

ઉત્તર કાશ્મીરના સોપોરે શહેરમાં વણઓળખાયેલા એક શખ્સે પૂર્વ ત્રાસવાદીને ઠાર મારી દીધો હતો. આ સંદર્ભમાં પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, વણઓળખાયેલા બંદૂકધારીએ સોપોરે શહેરના મુંડજી વિસ્તારમાં ખૂબ નજીકના અંતરથી એહઝાજ અહમદ ઉપર ગોળીબાર કર્યો હતો. મોડેથી હોસ્પિટલમાં ખસેડાયા બાદ આ શખ્સનું મોત થયું હતું.

ગયા સપ્તાહમાં જ વણઓળખાયેલા બંદુકધારીએ કટ્ટરપંથી હુર્રિયત ગ્રુપના ચેરમેન સૈયદ અલી ગિલાનીના ત્રણ સાગરીતોને ઠાર મારી દીધા હતા. સોપોરે શહેરમાં માર્કેટ આજે આ હત્યાથી બંધ રહ્યા હતા. જોકે, ખાનગી અને જાહેર વાહનો માર્ગો ઉપર દેખાયા નહતા. પથ્થરમારાના બનાવો પણ કેટલીક જગ્યાએ બન્યા હતા. સુરક્ષાદળો સાથે ઝપાઝપીના બનાવો પણ બન્યા હતા. બીજીબાજુ હુર્રિયત ગ્રુપના ચેરમેન મિરવાઈઝ ઉમર ફારુકે કહ્યું છે કે, આ બનાવો સંરક્ષણ મંત્રી મનોહર પાર્રિકરના નિવેદનના ભાગરૂપે બની રહ્યા છે. જેમાં જણાવાયું હતું કે, ત્રાસવાદીઓને ત્રાસવાદીઓની મદદથી જ મોતને ઘાટ ઉતારવામાં આવશે.

જયલલિતાને ફરી ચુંટણી જીતાડવા કાર્યકરો સજ્જ

ચેન્નાઈ,તા. ૧૫

તમિલનાડુમાં ૨૭મી જુનના દિવસે યોજાનારી પેટાચુંટણીને લઈને કાર્યકરો જોરદાર તૈયારીમાં લાગી ગયા છે. મુખ્યમંત્રી જયલલિતાને શાનદાર જીત અપાવવા માટે કાર્યકરો સંપૂર્ણપણે સજ્જ છે. આરકેનગરમાં પેટાચુંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અન્નાદ્રમુકના કાર્યકરો સીપીઆઈ ચેલેન્જર સામે ભવ્ય જીત મેળવવા કમરકસી ચુક્યા છે. પેટાચુંટણી માટે પ્રચારની તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી પન્નીરસેલવમના નેતૃત્વમાં પ્રધાનોની એક ટીમ જયલલિતા માટે પ્રચાર કરી રહી છે. રાજ્યભરમાં પક્ષના કાર્યકરો અહીં આવી પહોંચ્યા છે. જયલલિતાની ઐતિહાસિક જીત પેટાચુંટણીમાં થાય તેની ખાતરી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. જયલલિતાને ફરી પેટાચુંટણી લડવાની ફરજ પડી છે. અપ્રમાણ સંપત્તિ કેસમાં કર્ણાટક હાઈકોર્ટે જયલલિતાને હાલમાં જ નિર્દોષ છોડી મુક્યા હતા. બેંગ્લોરની ખાસ અદાલતે જયલલિતાને અપરાધી ઠેરવીને અગાઉ કઠોર સજા ફટકારી હતી જેથી તેમને મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી.

વિમાનનુ ટાયર ફાટતા બનાવ

એર ઇન્ડિયના કુલ ૧૭૦ યાત્રીનો સહેજમાં બચાવ

શ્રીનગર,તા. ૧૫

એર ઈન્ડિયાના ૧૭૦થી વધારે યાત્રીઓનો આજે સહેજમાં બચાવ થયો હતો. વિમાનીમથક ખાતે ઉતરાણ દરમિયાનવિમાનુ ટાયર ફાટતા આ બનાવ બન્યો હતો. ફ્લાઈટ એઆઈ-૮૨૧ના ટાયર ફાટતા આ બનાવ બન્યો હતો. આ વિમાન જમ્મુથી આવી રહ્યુંહતું. શ્રીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ઉતરાણ વેળા આ બનાવ બન્યા બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ વિમાનમાં ૧૬૭ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. બાકીના ક્રુ મેમ્બરો હતા. તમામ બિલકુલ સુરક્ષિત હોવાનુ જાણવા મળ્યું છે. રનવેને કેટલાક અંશે નુકસાન થયુંહતુ. બનાવ બન્યા બાદ થોડાક સમય માટે વિમાની સેવા રોકી દેવામાં આવી હતી.

આઈટી સેક્ટરમાં પગાર સૌથી વધારે

નવી દિલ્હી,તા. ૧૫

પ્રોફેશનલ કેરિયર તમામ માટે સૌથી મહત્વપૂર્ણ રહે છે. મનપસંદ નોકરી અને સારા પગારની ઈચ્છા દરેક વ્યક્તિ રાખે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પગારની દ્રષ્ટિએ દેશના આઈટી સેક્ટરના લોકોની સ્થિતી સૌથી સારી છે. આંકડા દર્શાવે છે કે પગારની દ્રષ્ટિએ આઈટી સેક્ટરના કર્મચારીઓને સૌથી વધારે પગારની ચુકવણી કરવામાં આવે છે. જ્યારે એજ્યુકેશનના કર્મચારીઓને સૌથી ઓછો પગાર ચુકવવામાં આવે છે. આઈટી સેક્ટરના કર્મચારીઓને સરેરાશ ૩૪૧.૮ રૂપિયા પ્રતિ કલાકની દ્રષ્ટિએ પગારની ચુકવણી કરવામાં આવે છે. ત્યારબાદ નાણાંકીય સેક્ટર બીજા ક્રમાંકે છે. આ સેક્ટરમાં કર્મચારીઓનો સરેરાશ પગાર ૨૯૧ રૂપિયા પ્રતિ કલાક છે. ઓનલાઈન કેરિયર અને રિક્રુટમેન્ટ સોલ્યુશન કંપની મોન્સટર ઈન્ડિયાના જણાવ્યા મુજબ જુદા જુદા સેક્ટરમાં વેતનની વાત કરવામાં આવે તો આઈટી સેક્ટર સૌથી આગળ છે. આ ક્ષેત્રમાં કર્મચારીઓને સરેરાશ ૩૪૧.૮ રૂપિયા પ્રતિ કલાકની દ્રષ્ટિએ વેતનની ચુકવણી કરવામાં આવે છે. મોન્સ્ટર ઈન્ડેક્સના જણાવ્યા મુજબ નિર્માણ સેક્ટરમાં ૨૫૯ રૂપિયા પ્રતિ કલાકની ચુકવણી કરવામાં આવે છે. એજ્યુકેશન સેક્ટરમાં ૧૮૬.૫ રૂપિયા, આરોગ્ય સેવા સેક્ટરમાં ૨૧૫ રૂપિયા અને અને કાયદા સેક્ટરમાં ૨૧૫.૬ રૂપિયા તેમજ મેન્યુફેકચરિંગ તેમજ પરિવહનમાં ૨૩૦.૯ રૂપિયા પ્રતિ કલાકની દ્રષ્ટિએ ચુકવવામાં આવે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે એજ્યુકેશન સેક્ટરમાં કર્મચારીઓને સૌથી ઓછો ૧૮૬.૫ રૂપિયા પ્રતિ કલાકની દ્રષ્ટિએ પગારની ચુકવણી કરવામાં આવે છે.